376

# કામકાજનો ટૂંકો અહેવાલ

૭

## પહેલું અધિવેશન

(૧૬મી માર્ચથી ૩૧મી માર્ચ, ૧૯૬૭)

## ત્રીજી ગુજરાત વિધાનસભા

3 ૬૮.૩૯
૭૭ ૬૭૯૫
૫૯૮૮૯

ગુજરાત વિધાનસભા સચિવાલય,
અમદાવાદ—૧૬
એપ્રિલ, ૧૯૬૭

૩૨૮-૩૫
૨૯૮૯૬

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૭ના પ્રથમ અધિવેશન (૧૬મી માર્ચથી ૩૧મી માર્ચ) માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટીકરણ આપતી ટૂંકી નોંધ આપેલી છે. શકય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ--૧૬, ૧૪મી એપ્રિલ, ૧૯૬૭.

હ. ભ. શુક્લ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

# અનુક્રમણિકા



| ક્રમાંક | વિષય | પાનું ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ત્રીજી ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૭ના પ્રથમ અધિવેશન (૧૬મી માર્ચથી ૩૧મી માર્ચ) માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧ સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી ... | ૯ |
| ૩. | પત્રક ક્રમાંક-૨ સન ૧૯૬૭ના પ્રથમ અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ ... | ૧૪ |
| ૪. | પત્રક ક્રમાંક-૩ જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી ... | ૨૪ |
| ૫. | પત્રક ક્રમાંક-૪ જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો ... ... ... ... | ૨૫ |
| ૬. | પત્રક ક્રમાંક-૫ અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ ... | ૨૯ |
| ૭. | પત્રક ક્રમાંક-૬ જુદી જુદી સંસ્થાઓ ઉપર ચૂંટણીઓ ... | ૩૦ |
| ૮. | પત્રક ક્રમાંક-૭ સરકારી વિધેયકો ... ... | ૩૨ |
| ૯. | પત્રક ક્રમાંક-૮ રજૂઆત માટેનાં બિન સરકારી વિધેયકો ... | ૩૪ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯ સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની પૂરક માગણીઓ ... | ૩૫ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦ ટૂંકી સૂચનાવાળા પ્રશ્નોનો નિકાલ ... | ૩૬ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧ બિન સરકારી સંકલ્પો ... ... | ૩૭ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨ સભા મોકૂફીના પ્રસ્તાવો ... ... | ૩૮ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ (ધ્યાન દોરવા બાબત) હેઠળની સૂચનાઓ ... ... | ૩૯ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ ... ... | ૪૦ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫ વિભાજન ... ... ... | ૪૧ |



Hb—72—(i)—325—5-67

## ત્રીજી ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૭ના પ્રથમ અધિવેશન (૧૬મી માર્ચથી ૩૧મી માર્ચ) માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૭નું પ્રથમ અધિવેશન ગુરુવાર, તા. ૧૬મી માર્ચ, ૧૯૬૭ના રોજ વિધાનસભાગૃહ અમદાવાદમાં શરૂ થયું હતું અને શુક્રવાર, તા. ૩૧મી માર્ચ, ૧૯૬૭ના રોજ સમાપ્ત થયું હતું. આ અધિવેશનમાં વિધાનસભા કુલ ૧૧ દિવસ મળી હતી અને તેમાં ૧૩ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૪૫ કલાક અને ૭ મિનિટ કામ કર્યું હતું.

### હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૪૫ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૯ હતી. સરેરાશ હાજરી ૧૩૮ હતી. સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી પત્રક ક્રમાંક- ૧, પા. ૯ માં આપેલ છે.

### રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૨, પા. ૧૪ માં આપ્યો છે.

### શપથ અથવા પ્રતિજ્ઞાન

કામચલાઉ અધ્યક્ષશ્રી ચંદ્રશંકર મ. ભટ્ટે તા. ૧૬મી માર્ચ, ૧૯૬૭ના રોજ રાજભવનમાં નામદાર રાજ્યપાલશ્રી સમક્ષ શપથ લીધા હતા, અને બાકીના ૧૬૬ સભ્યોએ અધિવેશન દરમ્યાન સભાગૃહમાં શપથ અથવા પ્રતિજ્ઞાન લીધા.

### અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી

#### અધ્યક્ષની ચૂંટણી

શ્રી રાઘવજીભાઈ લેઉવા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે તા. ૧૭મી માર્ચ, ૧૯૬૭ના રોજ બિનહરીફ ચૂંટાયા હતા.

#### ઉપાધ્યક્ષની ચૂંટણી

શ્રી વસંતલાલ વલભદાસ મહેતા ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે તા. ૨૧મી માર્ચ, ૧૯૬૭ના રોજ બિનહરીફ ચૂંટાયા હતા.

Hb—72—(1)—325—5-67

## વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વગેરે ઉપર સભ્યોની ચૂંટણીઓ/નિમણૂકો

અધિવેશન દરમ્યાન જાહેર હિસાબ સમિતિ અને અંદાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૩, પા. ૨૪)

અધિવેશન દરમ્યાન અધ્યક્ષશ્રીએ નીચેની સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૪, પા. ૨૫)

૧. અરજી સમિતિ,
૨. વિશેષાધિકાર સમિતિ,
૩. સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ,
૪. કામકાજ સલાહકાર સમિતિ,
૫. બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ,
૬. ગૌણ વિધાન સમિતિ,
૭. સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ,
૮. સભ્યોના ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ,
૯. સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ, અને
૧૦. ગ્રંથાલય સમિતિ.

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલની પણ નિમણૂક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૫, પા. ૨૮)

### જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી

અધિવેશન દરમ્યાન નીચે જણાવેલી જુદી જુદી સંસ્થાઓ ઉપર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી :—

૧. પશ્ચિમ રેલ્વેની ટાઇમ ટેબલ સમિતિ પર એક મહિલા પ્રતિનિધિની ચૂંટણી,

૨. પશ્ચિમ રેલવેનો ઉપયોગ કરનારાઓની પ્રાદેશિક સલાહકાર સમિતિ પર એક પ્રતિનિધિની ચૂંટણી,

૩. પશ્ચિમ રેલવેના મુંબઇ વિભાગ, રાજકોટ વિભાગ, અજમેર વિભાગ, વડોદરા વિભાગ અને ભાવનગર વિભાગની વિભાગીય સમિતિઓ પર એકેક પ્રતિનિધિની ચૂંટણી,

૪. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ પર ત્રણ પ્રતિનિધિઓની ચૂંટણી,

૫. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર બે પ્રતિનિધિઓની ચૂંટણી,

૬. સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ પર બે પ્રતિનિધિઓની ચૂંટણી, અને

૭. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ પર એક પ્રતિનિધિની ચૂંટણી.

ઉપરની દરેક સંસ્થા પરના પ્રતિનિધિઓની ચૂંટણી માટે જેટલા સભ્ય ચૂંટવાના હતા તેટલા જ નામ નિર્દેશનપત્રો બાકી રહેલ હતા તેથી મતદાન કરવાની જરૂર પડી ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૬, પા. ૨૯)

## વટહુકમ

તા. ૨૧મી માર્ચ, ૧૯૬૭ના રોજ નીચેનો વટહુકમ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો હતો :—

સન ૧૯૬૦નો ગુજરાત આકસ્મિક ફંડ અધિનિયમ સુધારવા બાબતનો વટહુકમ (સન ૧૯૬૬નો વટહુકમ ક્રમાંક-૨)

## રાજ્યપાલશ્રીનું સંબોધન

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૭૬ (૧) અનુસાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાન-સભાને તા. ૧૭મી માર્ચ, ૧૯૬૭ના રોજ સાંજે ૪--૦૦ વાગે સંબોધન કર્યું હતું અને તે દિવસે શ્રી છબીલદાસ મહેતાએ રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું શ્રી રામજીભાઈ રૂ. ચૌધરીએ સમર્થન કર્યું હતું. આભાર પ્રસ્તાવ ઉપર ૧૫૧ સુધારાની સૂચનાઓ આવી હતી, જેમાંથી અધ્યક્ષશ્રીએ ૪ સુધારાઓ અમાન્ય કર્યા હતા. માન્ય કરવામાં આવેલા ૧૪૭ સુધારાઓમાંથી ૪૩ સુધારાઓ ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા.

રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર તા. ૨૧, ૨૩ અને ૨૪ મી માર્ચ, ૧૯૬૭ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા ને અંતે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## સરકારી વિધેયકો

અધિવેશન માટે કાર્યાવલિમાં ૪ સરકારી વિધેયકો બતાવવામાં આવ્યાં હતાં. જે બધાં પસાર કરવામાં આવ્યાં હતાં (જુઓ પત્રક ક્રમાંક-૭, પા. ૩૨)

## બિન સરકારી વિધેયકો

### રજૂઆત માટેના બિન સરકારી વિધેયકો

અધિવેશન માટે ૪ બિન સરકારી વિધેયકોની સૂચનાઓ આવી હતી, જે બધી અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. અધ્યક્ષશ્રીએ દાખલ કરેલાં વિધેયકો પૈકી ત્રણ વિધેયકો સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યાં હતાં જ્યારે એક વિધેયકને દાખલ કરવા માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીની જરૂર હોવાથી અને તે મળી ન હોવાથી તે સભાગૃહમાં રજૂ થઇ શક્યું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક-૮, પા. ૩૪)

### નાણાકીય કામકાજ

(૧) **અંદાજપત્રની રજૂઆત.**—સન ૧૯૬૭-૬૮નું અંદાજપત્ર તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭-ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. સાદર કરવામાં આવેલ અંદાજપત્ર પર વિધાનસભાની આગામી બેઠકમાં વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ નાણાં મંત્રીશ્રીએ તા. ૨૮મી માર્ચના રોજ રજૂ કર્યો હતો અને તેને સભાગૃહે મંજૂર રાખ્યો હતો.

(૨) **લેખાનુદાન પ્રસ્તાવ.**—સન ૧૯૬૭-૬૮ના અંશત: સમયમાં થનારા ખર્ચ સારૂ રૂા. ૧૧૬ કરોડની રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી આપવા બાબતનો લેખાનુદાનનો પ્રસ્તાવ નાણામંત્રીશ્રીએ સોમવાર, તા. ૨૭મી માર્ચના રોજ સભાગૃહમાં રજૂ કર્યો હતો.

(૩) **લેખાનુદાન પ્રસ્તાવ પર સુધારા.**—યુવરાજશ્રી મ. પ્ર. જાડેજા અને શ્રી મ. હ. પાલખીવાળાએ લેખાનુદાન પ્રસ્તાવ પર સુધારો મૂક્યો હતો કે સમગ્ર માગણીમાંથી માત્ર રૂા. ૩૦ કરોડ મંજૂર રાખવા.

લેખાનુદાન પ્રસ્તાવ તથા તેના પરના સુધારા પર ગૃહે તા. ૨૭ અને ૨૮મી માર્ચના રોજ ચર્ચા કરી હતી. ચર્ચા બાદ સુધારો સભાગૃહે ૫૬ વિરુધ્ધ ૮૭ મતે નામંજૂર કર્યો હતો. લેખાનુદાન પ્રસ્તાવ સભાગૃહે તા. ૨૮મીએ મંજૂર રાખ્યો હતો.

(૪) **પૂરક પત્રક.**—સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેનું રૂા. ૨૬ કરોડના ખર્ચનું પૂરક પત્રક નાણામંત્રીશ્રીએ તા. ૨૦મી માર્ચના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતું. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન તા. ૨૯મી માર્ચના રોજ હાથ ધરાએલ. પૂરક પત્રકમાં કુલ ૫૭ માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવેલ. આ પૈકીની ૭ માગણીઓ ઉપર ગૃહમાં ચર્ચા થયેલ અને ૫૦ માગણીઓ ચર્ચા વગર પસાર થયેલ. (જુઓ પત્રક ક્રમાંક-૯, પા. ૩૫) કોઈપણ પૂરક માગણી ઉપર કાપ દરખાસ્ત આવેલ ન હતી.

(૫) **આકસ્મિક ખર્ચ નિધિનું વિવરણ પત્રક.**—તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલી અને જે માગણીઓ સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેના પૂરક પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તેવી પેશગીઓ દર્શાવતું વિવરણ પત્રક નાણા મંત્રીશ્રીએ તા. ૨૩મી માર્ચ, ૧૯૬૭ના રોજ સભાગૃહના મેજ પર મૂક્યું હતું.

## ટૂંકી મુદતના પ્રશ્નો

કુલ ૬૪ પ્રશ્નોની સૂચનાઓ મળી હતી તેમાંથી ૧૯ પ્રશ્નો ટૂંકી મુદતના પ્રશ્નો તરીકે અને ૧૦ પ્રશ્નો તારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા (જુઓ પત્રક ક્રમાંક-૧૦, પા. ૩૬)

## બિન સરકારી સંકલ્પો

બિનસરકારી સંકલ્પોની બધી મળીને કુલ ૧૧૨ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૯૪ સૂચનાઓ અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૧, પા. ૩૭) દાખલ કરેલ સૂચનાઓમાંથી બેલટ દ્વારા ૬ સંકલ્પો પસંદ કરાએલ. તા. ૩૧મી માર્ચના રોજ પસંદ કરાએલ સંકલ્પોમાંથી બે સંકલ્પો સભ્યશ્રીની ગેરહાજરીને લીધે ચર્ચા ઉપર લેવાએલ નહીં, બે સંકલ્પો ચર્ચા બાદ ગૃહે મંજૂર રાખેલ, એક સંકલ્પ ચર્ચા બાદ પાછો ખેંચાએલ; અને એક સંકલ્પનો સભાગૃહે ૫૩ વિરુધ્ધ ૭૨ મતથી અસ્વીકાર કર્યો.

## સભા મોકૂફીના પ્રસ્તાવો

સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબતો પર સભા મોકૂફીના પ્રસ્તાવની કુલ ૫ સૂચનાઓ આવી હતી. આ પૈકીની ૨ સૂચનાઓ એક સરખી તેમજ એક જ વિષયને લગતી હોવાથી બન્ને સૂચનાઓમાંથી એકત્રીત કરેલ એક સૂચનાને ગૃહમાં રજૂ કરવાની અધ્યક્ષશ્રીએ સંમતિ આપેલ. ગૃહે પ્રસ્તાવને અનુમતિ આપેલ અને પ્રસ્તાવ ઉપર તા. ૩૦મી માર્ચ, ૧૯૬૭ના રોજ ચર્ચા હાથ ધરાએલ. (જુઓ પત્રક ક્રમાંક-૧૨, પા. ૩૮)

## ટૂંકી ચર્ચા અંગેની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ટૂંક સમયની ચર્ચા ઊભી કરવા માટેની કુલ ૧૦ સૂચનાઓ આવી હતી. આ પૈકીની એક પણ સૂચના દાખલ કરવામાં આવી ન હતી.

## ધ્યાન ખેંચ સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન ખેંચવા માટે કુલ ૩૧ સૂચનાઓ આવી હતી. આ પૈકીની ૭ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૭ સૂચનાઓ એકત્રીત કરવામાં આવેલ અને ૪ સૂચનાઓ અંગે લાગતા વળગતા મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદનો કર્યા હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૧૩, પા. ૩૯)

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઇ શકે તેવા પ્રસ્તાવોની કુલ ૨ સૂચનાઓ આવી હતી. આ બંને સૂચનાઓને અધ્યક્ષશ્રીએ સંમતિ આપી હતી. વિધાનસભાના નિયમ ૧૦૪ (૪) જોગવાઇ અનુસાર એક કરતાં વધારે પ્રસ્તાવ પર ચર્ચા થઇ શકે તેમ ન હોવાથી, દાખલ કરવામાં આવેલા પ્રસ્તાવો પૈકી કયો પ્રસ્તાવ ચર્ચા માટે લેવો તે નક્કી કરવા માટે તા. ૩૦મી માર્ચ, ૧૯૬૭ના રોજ બેલટ યોજવામાં આવ્યો હતો. આ બેલટમાં વિ. સ. સ. શ્રી મ. હ. પાલખીવાળાનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલરોને માનદ્‌વેતન આપવા બાબતનો પ્રસ્તાવ આવ્યો હતો. આ પ્રસ્તાવ પર તા. ૩૧મી માર્ચ, ૧૯૬૭ના રોજ ગૃહમાં ચર્ચા થયેલ.

## બીજા પ્રસ્તાવો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળ કુલ ૭ સૂચનાઓ આવી હતી. આ સૂચનાઓ પૈકીની બે સૂચનાઓ નામંજૂર કરવામાં આવેલ. અન્ય સૂચનાઓ એકત્રિત કરીને કુલ ૨ પ્રસ્તાવો દાખલ કરવામાં આવેલ. આ બન્ને પ્રસ્તાવો પર ગૃહમાં ચર્ચા થયેલ. (જુઓ પત્રક ક્રમાંક ૧૪, પા. ૪૦)

## ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ માનનીય મંત્રીશ્રીનું નિવેદન

સત્ર દરમિયાન સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૧૯૬૭ના રોજ બંદર ખાતાના મંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ તા. ૨૫મી માર્ચ ૧૯૬૭ના રોજ પારડી નજીક પાર નદીમાં થયેલી હોડી હોનારત અંગે સભાગૃહમાં નિવેદન કર્યું હતું.

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો થઇ હતી :—

૧. કામકાજ સલાહકાર સમિતિ, અને

૨. બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ.

## વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન

તા. ૨૫મી માર્ચ, ૧૯૬૭ના ભાવનગરના દૈનિક અખબાર "સમી સાંજ"માં તા. ૨૪મી માર્ચ, ૧૯૬૭ની વિધાનસભાની કાર્યવાહીની પ્રસિધ્ધિને લગતો વિ. સ. સ. શ્રી પ્રતાપરાય તા. શાહે ઉઠાવેલો વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન અધ્યક્ષશ્રીએ તા. ૩૧મી માર્ચ, ૧૯૬૭ના રોજ વિશેષાધિકાર સમિતિને સોંપ્યો હતો.

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વગેરે

અધિવેશન દરમિયાન નીચે જણાવેલા અહેવાલો વગેરે વિધાનસભામાં રજૂ થયા હતા અથવા ચર્ચાયા હતા:—

| અનુક્રમાંક | અહેવાલ | રજૂ થયાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | કામકાજ સલાહકાર સમિતિના અહેવાલો | ૧. ૨૦--૩--૬૭<br>૨. ૩૦--૩--૬૭ | |
| ૨. | બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો અહેવાલ. | ૨૯--૩--૬૭ | |
| ૩. | ગુજરાત વિદ્યુત મંડળના સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૪--૧૧--૬૬ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા તા. ૨૧--૩--૬૭ ) | |
| ૪. | ભાવનગર પબ્લિક ડેરીનો સન ૧૯૬૫-૬૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબ. | ૫-- ૧--૬૭ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા તા. ૨૧--૩--૬૭ ) | |
| ૫. | ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૫-૬૬નો વાર્ષિક અહેવાલ. | ૧૯--૧--૬૭ (ઔપચારિક રીતે મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા તા. ૨૧--૩--૬૭) | |
| ૬. | ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૫-૬૬નો વાર્ષિક અહેવાલ. | ૨૧--૩--૬૭ | |
| ૭. | ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોરપોરેશનના સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક અહેવાલ અને હિસાબો. | ૩૦--૩--૬૭ | |
| ૮. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનના સન ૧૯૬૫-૬૬ના હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ. | ૩૧--૩--૬૭ | |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૯. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનનું સન ૧૯૬૭-૬૮નું વાર્ષિક અંદાજપત્ર. | ૩૧--૩--૬૭ | |
| ૧૦. | સન ૧૯૬૫-૬૬ના ગુજરાત સરકારના નાણાકીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઓડિટ અહેવાલ. | ૨૪--૩--૬૭ | |
| ૧૧. | જાહેર હિસાબ સમિતિનો નવમો અહેવાલ. | ૨૮--૩--૬૭ | |
| ૧૨. | વિશેષાધિકાર સમિતિનો આઠમો અહેવાલ. | ૨૯--૩--૬૭ | |

## શોકદર્શક ઉલ્લેખ

ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના તથા મુંબઈ અને ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યશ્રી જોરસિંહ કસળસિંહ ઈન્દ્રાણીના અવસાન અંગે સોમવાર, તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭ના રોજ સભાગૃહમાં અંજલિ આપ્યા બાદ સભાગૃહના સભ્યોએ ઊભા થઈને બે મિનિટ મૌન પાળ્યું હતું.

## સભાગૃહને સાદર કરવામાં આવેલ અરજી

તા. ૨૭મી માર્ચ, ૧૯૬૭ના રોજ વિરોધપક્ષના નેતાશ્રી ભાઈલાલભાઈ દ્યા. પટેલે, શ્રી ચંદુલાલ ધુરાભાઈ અને ખંભાતના અન્ય ૧૨૮૦૦ નાગરિકોની સહીવાળી, પોલીસ અધિકારીઓએ ખંભાત શહેરમાં ફેલાવેલા ભયના વાતાવરણ અંગેની અરજી સભાગૃહને સાદર રજૂ કરી. અધ્યક્ષશ્રીએ આ અરજી, અરજી સમિતિને સોંપી હતી.

## વિભાજન

અધિવેશન દરમિયાન કુલ ૨ વખત વિભાજનની માગણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક -૧૫, પા. ૪૧)

## સભાત્યાગ

તા. ૨૪મી માર્ચ, ૧૯૬૭ના રોજ વિ. સ. સ. શ્રી છબીલદાસ મહેતા રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચાનો જવાબ આપતા હતા તે દરમિયાન વિરોધપક્ષના બધા સભ્યોએ સભાત્યાગ કર્યો.

## વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

| | |
|---|---|
| (ક) પ્રેક્ષકો માટેની દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો | |
| (ખ) ૧૪ સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકોની સંખ્યા. | ૨૬૧૬ |
| (ગ) અધ્યક્ષશ્રી દીર્ઘામાં આવેલા પ્રેક્ષકોની સંખ્યા | ૯૨૫ |
| (ઘ) અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો. | ૧૬૧૫ |
| | ૧૩૫ |
| કુલ ... | ૫૨૯૧ |

## પત્રક ક્રમાંક-૧

### સભ્યશ્રીઓએ આપેલ હાજરી બતાવતું પત્રક

| ક્રમાંક<br>૧ | સભ્યશ્રીનું નામ<br>૨ | કુલ હાજરી<br>૩ |
|---|---|---|
| ૧. | શ્રી અનવરબેગ અહેમદબેગ મીરઝાં ... ... | સંસદીય સચિવશ્રી |
| ૨. | શ્રી અબ્દુલ રહીમ તાજ્યુજી કુંદીવાલા ... ... | ૧૧ |
| ૩. | શ્રી અભેસિંહ કેદરભાઈ પરમાર ... ... | ૧૧ |
| ૪. | શ્રી અમરસિંહ દીપસિંહ પરમાર ... ... | ૧૦ |
| ૫. | શ્રી અમરસિંહ ભુપતસિંહ વાઘેલા ... ... | ૧૧ |
| ૬. | શ્રી અમૃતલાલ અંબાલાલ પટેલ ... ... | ૧૦ |
| ૭. | શ્રી અર્જુનસિંહ ભારતસિંહ ઠાકોર ... ... | ૧૧ |
| ૮. | શ્રીમતી અરૂણાબહેન ગંભીરભાઈ પટેલ ... | ૧૦ |
| ૯. | શ્રી અંબાશંકર જદુરામ ત્રિવેદી ... ... | ૮ |
| ૧૦. | શ્રી આનંદલાલ ચીમનલાલ મહેતા ... ... | ૧૦ |
| ૧૧. | શ્રી ઈન્દુભાઈ ચતુરભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૧૨. | શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ ... ... | ૧૦ |
| ૧૩. | શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા ... ... | ૧૧ |
| ૧૪. | શ્રી ઉર્મિલાબહેન પ્રેમશંકર ભટ્ટ ... ... | મંત્રીશ્રી |
| ૧૫. | શ્રી કમળાશંકર ભુલેશ્વર દવે ... ... | ૧૦ |
| ૧૬. | શ્રી કરશનભાઈ હરિભાઈ ચૌધરી ... ... | ૧૧ |
| ૧૭. | શ્રી કસ્તુરલાલ નગીનદાસ દોશી ... ... | ૧૦ |
| ૧૮. | શ્રી કાનજીભાઈ કચરાભાઈ મ્હોરી ... ... | ૮ |
| ૧૯. | શ્રી કાંતિપ્રસાદ જયશંકર યાજ્ઞિક ... ... | ૧૧ |
| ૨૦. | શ્રી કાંતિલાલ ફૂલચંદ ધીયા ... ... | ૧૧ |
| ૨૧. | શ્રી કિશોરસિંહ કાળુસિંહ પરમાર ... ... | ૯ |
| ૨૨. | શ્રી કુરજી ડુંગર ભેસાણિયા ... ... | ૧૧ |
| ૨૩. | શ્રી કેશુભાઈ ગોકલદાસ રાયચુરા ... ... | ૧૧ |
| ૨૪. | શ્રી કેશવભાઈ રતનજી પટેલ ... ... | ૧૧ |
| ૨૫. | શ્રી કેસર ભગવાન ડોડિયા ... ... | ૮ |
| ૨૬. | શ્રી ખોડુભા અભેસંગ વાઘેલા ... ... | ૧૧ |
| ૨૭. | શ્રીમતિ ગંગાબહેન અમૃતલાલ વાઘેલા ... ... | ૧૦ |
| ૨૮. | શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ ... ... | ૧૦ |
| ૨૯. | શ્રી ગુમાનસિંહ વિરમસિંહ વાઘેલા ... ... | ૯ |

| ક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૩ |
| ૩૦. | શ્રી ગોરધનદાસ રણછોડદાસ ચોખાવાલા ... | મંત્રીશ્રી |
| ૩૧. | શ્રી ગોવિંદભાઈ હરિભાઈ પટેલ ... ... | ૧૦ |
| ૩૨. | શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૩૩. | શ્રી ગૌરીશંકર ધનેશ્વર પાઠક ... ... | ૧૧ |
| ૩૪. | શ્રી ચંન્દ્રકાંત મૂળજીભાઈ પરીખ ... ... | ૧૧ |
| ૩૫. | શ્રી ચન્દ્રશંકર મણિશંકર ભટ્ટ ... ... | ૧૦ |
| ૩૬. | એચ. એચ. ઠાકોરસાહેબ શ્રી ચંન્દ્રસિંહજી દીપસિંહજી જાડેજા ... | ૧૦ |
| ૩૭. | શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ ... ... | મંત્રીશ્રી |
| ૩૮. | શ્રી ચીમનલાલ હરિલાલ શુક્લ ... ... | ૧૦ |
| ૩૯. | શ્રી ચુનીલાલ ગણેશદાસ પટેલ ... ... | ૧૦ |
| ૪૦. | શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર ... ... | ૧૧ |
| ૪૧. | શ્રી ચુનીલાલ બીજલભાઈ વસાવા ... ... | ૧૦ |
| ૪૨. | શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા ... ... | ૧૧ |
| ૪૩. | શ્રી છોટુભાઈ નાથુભાઈ રાઠોડ ... ... | ૧૧ |
| ૪૪. | શ્રી જગતા પુરા પરમાર ... ... | ૧૦ |
| ૪૫. | શ્રી જમુભાઈ પુંજીરામ ભટ્ટ ... ... | ૯ |
| ૪૬. | શ્રી જસવંતરાય નાનુભાઈ મહેતા ... ... | મંત્રીશ્રી |
| ૪૭. | શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહ ... ... | ૧૧ |
| ૪૮. | શ્રી જાલસિંહ હિંમતસિંહજી જાદવ ... ... | ૧૧ |
| ૪૯. | શ્રી જીણાભાઈ દેવરાજભાઈ કણસાગરા ... | ૧૦ |
| ૫૦. | શ્રી જેઠાભાઈ ભુરાભાઈ રાઠોડ ... ... | ૭ |
| ૫૧. | શ્રી જેસીંગભાઈ ગોવિંદભાઈ પરમાર ... ... | ૧૧ |
| ૫૨. | મહારાવલશ્રી જયદીપસિંહજી ... ... | ૮ |
| ૫૩. | શ્રી જયરામ આણંદભાઈ પટેલ ... ... | મંત્રીશ્રી |
| ૫૪. | શ્રી જવસિંહ માનસિંહ સોલંકી ... ... | ૧૧ |
| ૫૫. | શ્રી જયંતિલાલ વીરચંદ શાહ ... ... | ૧૦ |
| ૫૬. | શ્રી ઝીણાભાઈ રામસંગભાઈ વસાવા ... ... | ૧૧ |
| ૫૭. | શ્રી ઝુમખલાલ લખમીચંદ મહેતા ... ... | ૧૧ |
| ૫૮. | શ્રી ટિટાભાઈ મેઘજીભાઈ હઠીલા ... ... | ૧૧ |
| ૫૯. | શ્રી ઠાકોરભાઈ મણીભાઈ દેસાઈ ... ... | મંત્રીશ્રી |
| ૬૦. | શ્રી ડાહ્યાભાઈ બાવલભાઈ જાદવ ... ... | ૧૦ |
| ૬૧. | શ્રી ત્રિકમલાલ જમનાદાસ પટેલ ... ... | ૧૦ |
| ૬૨. | એચ. એચ. મહારાજા શ્રી દલજિતસિંહજી ઓફ ઈડર ... | ૧૦ |
| ૬૩. | શ્રી દલસુખભાઈ જેરામભાઈ પટેલ ... | ૧૧ |

| અનુક્રમાંક | સભ્યશ્રીનું નામ | | કુલ હાજરી |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૬૪. | યુવરાજશ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી | ... | ૧૧ |
| ૬૫. | શ્રી દેવજીભાઈ સદાભાઈ પરમાર ... | ... | ૧૧ |
| ૬૬. | શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ બારાઈ ... | ... | ૧૦ |
| ૬૭. | શ્રી ધર્મસિંહભાઈ ડાહ્યાભાઈ પટેલ ... | ... | ૧૦ |
| ૬૮. | શ્રી ધર્મેન્દ્રસિંહજી ... | ... | ૧૧ |
| ૬૯. | શ્રી ધીરજલાલ બકોરદાસ મહેતા ... | ... | ૬ |
| ૭૦. | શ્રી નટવરસિંહજી કેસરીસિંહજી સોલંકી | ... | ૧૦ |
| ૭૧. | શ્રી નરસિંહદાસ ગોરધનદાસ ગોંધિયા | ... | ૧૦ |
| ૭૨. | શ્રી નરહરિલાલ ઈશ્વરલાલ પુરોહિત | ... | ૧૧ |
| ૭૩. | શ્રી નરેન્દ્રસિંહ અગરસિંહજી ઝાલા ... | ... | ૧૧ |
| ૭૪. | શ્રી નવલચંદ મોતીલાલ કંસારા ... | ... | ૯ |
| ૭૫. | શ્રી નાગજીભાઈ ગોવિંદભાઈ આર્ય ... | ... | ૧૧ |
| ૭૬. | શ્રી નાથાલાલ પ્રેમજી ભાણવડિયા ... | ... | ૧૧ |
| ૭૭. | શ્રી નારણ પાલા ગઢિયા ... | ... | ૧૧ |
| ૭૮. | શ્રી નારણભાઈ શીવજીભાઈ પટેલ ... | ... | ૧૧ |
| ૭૯. | શ્રીમતી નિર્મળાબહેન હાસાનંદ ગજવાણી | ... | ૧૦ |
| ૮૦. | શ્રી પરભુભાઈ ધનાભાઈ પટેલ ... | ... | ૧૧ |
| ૮૧. | શ્રી પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા ... | ... | મંત્રીશ્રી |
| ૮૨. | શ્રી પરવતસિંહ ધમીરસિંહ પરમાર ... | ... | ૧૧ |
| ૮૩. | શ્રી પરસોત્તમભાઈ ઉકેડભાઈ ભીલ | ... | ૧૦ |
| ૮૪. | શ્રી પાલાભાઈ નારણદાસ પરમાર ... | ... | ૧૧ |
| ૮૫. | શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ ... | ... | ૯ |
| ૮૬. | શ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસ ... | ... | ૧૧ |
| ૮૭. | શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ ... | ... | ૧૧ |
| ૮૮. | શ્રી પ્રભુલાલ કાનજી દવે ... | ... | ૧૦ |
| ૮૯. | શ્રી પ્રવિણચંન્દ્રસિંહજી ગંભીરસિંહજી ... | ... | ૧૦ |
| ૯૦. | શ્રી પ્રેમજી ભવાનજી ઠક્કર ... | ... | મંત્રીશ્રી |
| ૯૧. | શ્રી ફતેસિંહરાવ પ્રતાપસિંહરાવ ગાયકવાડ | ... | મંત્રીશ્રી |
| ૯૨. | શ્રી ફુલજીભાઈ ડોહજીભાઈ પટેલ ... | ... | ૭ |
| ૯૩. | શ્રી બહાદુરભાઈ કુથાભાઈ પટેલ ... | ... | ૧૦ |
| ૯૪. | શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ ... | ... | મંત્રીશ્રી |
| ૯૫. | શ્રી બાલાશંકર જેશંકર જોષી ... | ... | ૧૦ |
| ૯૬. | શ્રી બાલુભાઈ હરજીભાઈ પટેલ ... | ... | ૧૦ |
| ૯૭. | શ્રી બેચર ભગવાનજી ગજેરા ... | ... | ૧૦ |

| અનુક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૯૮. | શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૯૯. | શ્રી ભાઈજીભાઈ ગરબડભાઈ તડવી ... ... | ૧૧ |
| ૧૦૦. | શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૧૦૧. | શ્રી ભાઈલાલભાઈ મણીલાલ પટેલ ... ... | ૧૧ |
| ૧૦૨. | શ્રી ભાણજી ભીમજી પટેલ ... ... | ૯ |
| ૧૦૩. | શ્રી ભીમસીંગભાઈ ફોન્જસીંગ વસાવે ... ... | ૬ |
| ૧૦૪. | શ્રી ભીમસીંગભાઈ સીવાભાઈ ગામીત ... ... | ૧૧ |
| ૧૦૫. | શ્રી ભુપેન્દ્રસિંહજી ગજસિંહજી ... ... | ૭ |
| ૧૦૬. | શ્રી ભુલાભાઈ મિઠુલભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૧૦૭. | શ્રી ભોગીલાલ કાનજીભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૧૦૮. | શ્રી મણીલાલ આશારામ શાહ ... ... | ૧૧ |
| ૧૦૯. | શ્રી મધુભાઈ દાદુભાઈ દેસાઈ ... ... | ૧૧ |
| ૧૧૦. | શ્રી મનહરભાઈ અમરાભાઈ ચાવડા ... ... | ૧૧ |
| ૧૧૧. | શ્રી મનહરભાઈ ચંદુલાલ શાહ ... ... | ૧૦ |
| ૧૧૨. | શ્રી મનહરલાલ તુળજાશંકર શુકલ ... ... | ૧૦ |
| ૧૧૩. | શ્રી મનુભાઈ પંચોળી ... ... | ૧૦ |
| ૧૧૪. | શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાળા ... ... | ૧૧ |
| ૧૧૫. | યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા ... | ૧૦ |
| ૧૧૬. | ડૉ. મહિપતરાય મૂળશંકર મહેતા ... ... | ૧૧ |
| ૧૧૭. | શ્રી મંગળદાસ ગોરધનદાસ પોલા ... ... | ૧૧ |
| ૧૧૮. | શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી ... ... | ૧૧ |
| ૧૧૯. | શ્રી માનાભાઈ રેવાભાઈ ભાંભી ... ... | ૧૧ |
| ૧૨૦. | શ્રી માધવલાલ ભાઈલાલ શાહ ... ... | મંત્રીશ્રી |
| ૧૨૧. | શ્રી માધવલાલ લલ્લુભાઈ પાધ્યા ... ... | ૮ |
| ૧૨૨. | શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી ... ... | ૧૧ |
| ૧૨૩. | શ્રી માર્તંડરાય ગંગાશંકર શાસ્ત્રી ... ... | ૧૧ |
| ૧૨૪. | શ્રી મોહનલાલ ગોકળદાસ પટેલ ... ... | ૧૦ |
| ૧૨૫. | શ્રી મોહંમદહુસેન અબ્દુલસમદ ગોલંદાઝ ... | ૧૧ |
| ૧૨૬. | શ્રી રણજિતસિંહજી ભાવસિંહજી ગોહિલ ... | ૧૧ |
| ૧૨૭. | શ્રી રતનભાઈ ગોવિંદભાઈ ગવિત ... ... | ૫ |
| ૧૨૮. | શ્રી રતિલાલ ખુશાલદાસ પટેલ ... ... | ૧૦ |
| ૧૨૯. | શ્રી રમણલાલ ધનાભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૧૩૦. | શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા ... ... | અધ્યક્ષશ્રી |
| ૧૩૧. | શ્રી રામજીભાઈ રૂપાભાઈ ચૌધરી ... ... | ૧૧ |

| અનુક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧૩૨. | શ્રી રામુભાઈ જેઠાભાઈ ભાટિયા ... ... | ૧૧ |
| ૧૩૩. | શ્રી રામુભાઈ બાલુભાઈ જાદવ ... ... | ૯ |
| ૧૩૪. | શ્રી રાયસિંહજી કેસરીસિંહજી જાડેજા ... ... | ૭ |
| ૧૩૫. | શ્રી લાલસિંહજી કિશોરસિંહજી રહેવર ... ... | ૯ |
| ૧૩૬. | શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ ... ... | ૭ |
| ૧૩૭. | શ્રીમતી વસંતબહેન જયસુખભાઈ શાહ ... | ૧૧ |
| ૧૩૮. | શ્રી વસંતલાલ વલભદાસ મહેતા ... ... | ૧૧ |
| ૧૩૯. | ડૉ. વસંતલાલ વૃજલાલ પરીખ ... ... | ૧૧ |
| ૧૪૦. | શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા ... ... | [illegible]૭ |
| ૧૪૧. | શ્રી વિજયકુમાર માધવરાય ત્રિવેદી ... ... | ૧૧ |
| ૧૪૨. | શ્રી વિજયસિંહજી ભરતસિંહજી ચૌહાણ ... ... | ૧૦ |
| ૧૪૩. | શ્રી વિનુભાઈ ભગવાનદાસ કોટડાવાલા ... | ૧૦ |
| ૧૪૪. | શ્રી વિનોદચન્દ્ર ચુનીલાલ શાહ ... ... | ૧૧ |
| ૧૪૫. | શ્રી વીરજી ભીમજી દાફડા ... ... | ૧૦ |
| ૧૪૬. | શ્રી વિરસિંહ ભુલાભાઈ પસાયા ... ... | ૧૧ |
| ૧૪૭. | શ્રી વીરૂમલ ખુશાલદાસ તારાચંદાની ... ... | ૧૧ |
| ૧૪૮. | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા ... ... | ૧૦ |
| ૧૪૯. | શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ ... ... | ૧૦ |
| ૧૫૦. | શ્રી શંભુભાઈ દેવજી પટેલ ... ... | ૧૧ |
| ૧૫૧. | શ્રી શામળભાઈ લલ્લુભાઈ પટેલ ... ... | ૧૧ |
| ૧૫૨. | શ્રીમતી શાંતાબહેન ભોળાભાઈ પટેલ ... ... | ૧૦ |
| ૧૫૩. | શ્રી શાંતિલાલ રણછોડદાસ શાહ ... ... | મંત્રીશ્રી |
| ૧૫૪. | શ્રી શાંતિલાલ સ્વરૂપચંદ શાહ ... ... | મંત્રીશ્રી |
| ૧૫૫. | મહારાજકુમારશ્રી શિવભદ્રસિંહજી કૃષ્ણકુમારસિંહજી ગોહિલ ... | ૬ |
| ૧૫૬. | શ્રી શિવરાજકુમાર ખાચર ... ... | ૧૧ |
| ૧૫૭. | શ્રી સતુભાઈ દેવુભાઈ ઠાકરિયા ... ... | ૯ |
| ૧૫૮. | શ્રી સનતકુમાર મગનલાલ મહેતા ... ... | ૧૧ |
| ૧૫૯. | શ્રીમતી સુમિત્રાબહેન હરિપ્રસાદ ભટ્ટ ... ... | ૧૧ |
| ૧૬૦. | શ્રી સુરેન્દ્રસિંહજી જોરાવરસિંહજી ઝાલા ... | ૧૦ |
| ૧૬૧. | શ્રી સુલેમાન યુસુફ ઉનીયા ... ... | ૧૧ |
| ૧૬૨. | ડૉ. સોમાભાઈ સી. દેસાઈ ... ... | ૧૦ |
| ૧૬૩. | શ્રી હરિભાઈ રતનાભાઈ ડેરિયા ... ... | ૧૦ |
| ૧૬૪. | શ્રી હિતેન્દ્રભાઈ કનૈયાલાલ દેસાઈ ... ... | મંત્રીશ્રી |
| ૧૬૫. | શ્રી હિંમતભાઈ મથુરભાઈ રજવાડી ... ... | મંત્રીશ્રી |
| ૧૬૬. | શ્રીમતી હીરાબેન લાલચંદ નીનામા ... ... | ૧૧ |
| ૧૬૭. | શ્રી નારણદાસ કે. પટેલ ... ... | ૧૧ |

## પત્રક ક્રમાંક ૨

### સન ૧૯૬૭ના પ્રથમ અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ

### ગુરુવાર, તા.૧૬મી માર્ચ, ૧૯૬૭

૧. કાર્યકારી અધ્યક્ષ, શ્રી ચંદ્રશંકર મ. ભટ્ટ સમક્ષ ૮૧ સભ્યોએ શપથ અને ૮૨ સભ્યોએ પ્રતિજ્ઞાન લીધાં.

### શુક્રવાર તા. ૧૭મી માર્ચ, ૧૯૬૭

#### સવારની બેઠક

૧. બે સભ્યોએ શપથ લીધાં.

૨. વિ. સ. સ. શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવાને અધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા અને તેમણે તેમની બેઠક લીધી.

૩. અધ્યક્ષશ્રીને તેમની ચૂંટણી બદલ અભિનંદનો આપવામાં આવ્યાં અને તેમણે તે બદલ આભાર માન્યો.

#### સાંજની બેઠક

૧. રાજ્યપાલશ્રીએ ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

૨. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે ધ્રાંગધ્રાના સભ્યશ્રી મેઘરાજજીએ તેમની ગુજરાત વિધાનસભાની બેઠક પરથી તા. ૩જી માર્ચ, ૧૯૬૭ની બપોર પહેલાં રાજીનામુ આપ્યું છે.

૩. વિ.સ.સ. શ્રી છબીલદાસ મહેતાએ રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો. તેનું વિ.સ.સ. શ્રી રામજીભાઈ ચૌધરીએ સમર્થન કર્યું. અધ્યક્ષશ્રીએ આભાર પ્રસ્તાવ પરના સુધારાની સૂચના આપવા માટેની સમય મર્યાદા જાહેર કરી.

૪. સચિવશ્રીએ રાષ્ટ્રપતિની અનુમતિ મળી હતી તેવા ચાર વિધેયકોનાં અને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં આઠ વિધેયકોનાં નામ વાંચી સંભળાવ્યાં.

### સોમવાર તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭

૧. વિધાનસભાના માજી સભ્ય શ્રી જોરસિંહ કસળસિંહ ઈન્દ્રાણીના અવસાન અંગે શોક દર્શક ઉલ્લેખો થયા અને સદ્‌ગતને સ્મરણાંજલિ આપવામાં આવી.

૨. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની નિમણૂંક કરી.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૪. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૫. અધ્યક્ષશ્રીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના ત્રણ પ્રતિનિધિઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૬. અધ્યક્ષશ્રીએ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના બે પ્રતિનિધિઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૭. અધ્યક્ષશ્રીએ સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના બે પ્રતિનિધિઓની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૮. અધ્યક્ષશ્રીએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૯. નાણામંત્રીશ્રીએ સન ૧૯૬૬--૬૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ કાપ દરખાસ્તો સાદર કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો.

૧૦. સન ૧૯૬૭--૬૮ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત થઈ. નાણામંત્રીશ્રીએ અંદાજ-પત્ર પરનું તેમનું પ્રવચન વાંચ્યું.

## મંગળવાર, તા. ૨૧મી માર્ચ, ૧૯૬૭

૧. એક સભ્યે શપથ લીધાં.

૨. તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

૩. નાણામંત્રીશ્રીએ સન ૧૯૬૬નો વટહુકમ ક્રમાંક ૨, સુધારા સહિત, વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૪. કૃષિ મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૧૯૬૫-૬૬નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૫. કૃષિ મંત્રીશ્રીએ ભાવનગર પબ્લિક ડેરીનો સન ૧૯૬૫--૬૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૬. વિદ્યુત મંત્રીશ્રીએ ગુજરાત વિદ્યુત બોર્ડના સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક હિસાબો અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૭. સમાજ કલ્યાણ મંત્રીશ્રીએ ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૫--૬૬નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યો.

૮. જાહેર બાંધકામ અને વિદ્યુત મંત્રીશ્રીએ પશ્ચિમ રેલ્વેની પ્રાદેશિક રેલ્વેનો ઉપયોગ કરનારાઓની સલાહકાર સમિતિ પર એક પ્રતિનિધિની ચૂંટણી માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

૯. જાહેર બાંધકામ અને વિદ્યુત મંત્રીશ્રીએ પશ્ચિમ રેલ્વેના મુંબઈ વિભાગ, રાજકોટ વિભાગ, અજમેર વિભાગ, ભાવનગર વિભાગ, અને વડોદરા વિભાગ રેલ્વેનો ઉપયોગ કરનારાઓની વિભાગીય સલાહકાર સમિતિ પર એકેક પ્રતિનિધિની ચૂંટણી માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ બાબત ક્રમાંક ૮ અને ૯ની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૧૦. જાહેર બાંધકામ અને વિદ્યુત મંત્રીશ્રીએ પશ્ચિમ રેલ્વેની ટાઈમ ટેબલ સમિતિ પર એક મહિલા પ્રતિનિધિની ચૂંટણી માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૧૧. શ્રી વસંતલાલ વલ્લભદાસ મહેતાને ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા અને તેમણે તેમની બેઠક લીધી.

૧૨. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની પેનલ પર પાંચ સભ્યોની નિમણૂક કરી.

૧૩. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા સંબંધી અધ્યક્ષશ્રીએ માર્ગદર્શન આપ્યું.

સ્વતંત્ર પક્ષના સભ્યશ્રીઓએ વિ.સ.સ. શ્રી છબીલદાસ મહેતાના આભાર પ્રસ્તાવ પર આપેલા સુધારાઓ રજૂ ન કર્યા. વિરોધપક્ષના ઈતર સભ્યશ્રીઓએ કુલ ૪૩ સુધારાઓ રજૂ કર્યા. ત્યારબાદ ૨૧ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

## ગુરૂવાર, તા. ૨૩મી માર્ચ, ૧૯૬૭

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક જાનો જવાબ આપવામાં આવ્યો.

૨. નાણામંત્રીશ્રીએ તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલી અને જેને માટે પૂરક માગણીઓનો સન ૧૯૬૬--૬૭ના વર્ષ માટેના પૂરક પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તેવી પેશગીઓ દર્શાવતું વિવરણ પત્રક ગૃહના મેજ ઉપર મૂક્યું.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે વિ.સ.સ. શ્રીમતી શાંતાબેન પટેલે તેમના તા.૨૧મી માર્ચ ૧૯૬૭-ના પ્રવચનમાં વિ.સ.સ., શ્રી ચંદ્રસિંહજી ઠાકોર અંગે કરેલ ઉલ્લેખ વાંધાજનક હોવાથી, તેમણે તે શબ્દો ગૃહની કાર્યવાહીની નોંધમાંથી કાઢી નાંખવાનો નિર્ણય કર્યો છે.

૪. રાજ્યપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા બીજા દિવસે ચાલુ રહી. ચર્ચામાં વધુ ૨૭ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

### શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૬૭

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૩૦નો જવાબ આપવામાં આવ્યો.

૨. વિ.સ.સ., શ્રી મનુભાઈ પાલખીવાળાની નિયમ ૧૧૬ અન્વયેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવાની બાબત, ઉદ્યોગ મંત્રીશ્રીની વિનંતીથી સોમવાર સુધી મુલતવી રાખવામાં આવી.

૩. નાણામંત્રીશ્રીએ સન ૧૯૬૫-૬૬ના ગુજરાત સરકારનાં નાણાકીય અને વિનિયોગ હિસાબો તેમજ તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ પર મૂકયા.

૪. અધ્યક્ષશ્રીએ અરજી સમિતિ પર ૭ સભ્યોની નિમણૂક કરી.

૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા ફરી શરૂ થઈ. ચર્ચામાં વધુ ૧૩ સભ્યોએ તેમજ ૩ મંત્રીશ્રીઓએ ભાગ લીધો.

વિ.સ.સ., શ્રી છબીલદાસ મહેતા ચર્ચાનો જવાબ આપતા હતા તે દરમિયાન વિરોધ પક્ષના બધા સભ્યોએ સભાત્યાગ કર્યો.

સંબોધન પરના ૪૩ સુધારાઓ નામંજૂર કરવામાં આવ્યા. ત્યારબાદ આભાર પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

### સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૧૯૬૭

૧. વિ.સ.સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ કચ્છમાં મીઠાના ઉદ્યોગમાં માલના ભરાવાને કારણે બંધ પડેલાં કેટલાંક એકમો અને સર્જાયેલી પરિસ્થિતિને નિવારવા માટે રાજ્ય સરકારે લીધેલાં પગલાં બાબત ઉદ્યોગ ખાતાનાં મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. ઉદ્યોગ મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૨. અધ્યક્ષશ્રીની પરવાનગીથી, બંદર ખાતાનાં મંત્રીશ્રીએ તા. ૨૫મી માર્ચ ૧૯૬૭ના રોજ પારડી નજીક પારી નદીમાં બનવા પામેલી હોનારત અંગેનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. વિરોધપક્ષના નેતાશ્રીએ ખંભાતના શ્રી ચંદુલાલ ધુરાભાઈ અને અન્ય ૧૨,૮૦૧ નાગરિકોની પોલિસ અધિકારીઓએ ખંભાત શહેરમાં ફેલાવેલા ભયના વાતાવરણ અંગે અરજીની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ મંજૂર અરજી, અરજી સમિતિને સોંપી.

૪. અધ્યક્ષશ્રીએ બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ પર સભ્યોની નિમણૂક કરી.

૫. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૬. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

Hb—72—(3)—325—5-67

૭. વિ.સ.સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવતા અધ્યક્ષશ્રીને વિનંતી કરી કે તા. ૨૪મી ૧૯૬૭ના રોજ વિ.સ.સ. શ્રી છબીલદાસ મહેતાના એક વિધાન બાબતમાં વિરોધપક્ષોએ કરેલા સભાત્યાગ અંગે અધ્યક્ષશ્રી નિર્ણય આપે.

અધ્યક્ષશ્રીએ કાયદામંત્રીશ્રીને આ બાબતમાં તેમના મંતવ્યો દર્શાવવા વિનંતી કરી. કાયદા મંત્રીશ્રીની વિનંતીથી આ બાબતનો નિર્ણય અધ્યક્ષશ્રીએ બીજા દિવસ ઉપર મોકૂફ રાખ્યો.

૮. નાણામંત્રીશ્રીએ લેખાનુદાન માટેના પ્રસ્તાવની રજૂઆત કરી અને ટૂંકું પ્રવચન કર્યું. વિ.સ.સ., યુવરાજશ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો કે બજેટ-ઈન-બ્રીફ બજેટ મેમોરેન્ડમ વગેરે મહત્વના પ્રકાશનો બજેટની સાથે રજૂ કરવામાં આવ્યાં ન હોઈ આ પ્રસ્તાવની ચર્ચા મોકૂફ રાખવામાં આવે. નાણામંત્રીશ્રીએ આ બાબતમાં પોતાના વિચારો દર્શાવ્યા. ત્યારબાદ અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૯. અધ્યક્ષશ્રીએ લેખાનુદાન ઉપરની ચર્ચા માટેની મર્યાદા અંગે સમજૂતિ આપી. વિ.સ.સ., યુવરાજશ્રી મનોહરસિંહજી જાડેજાએ લેખાનુદાન ઉપર સુધારો રજૂ કર્યો. લેખાનુદાન માટેનાં પ્રસ્તાવ અને સુધારા પર એક સાથે ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૧૭ સભ્યોએ ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

## મંગળવાર, તા. ૨૮મી માર્ચ, ૧૯૬૭

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૬૫નો જવાબ આપવામાં આવ્યો.

૨. વિ.સ.સ., શ્રી મનુભાઈ પાલખીવાળાએ સુરત અને વલસાડ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ફેલાયેલ શીતળાના રોગનો ઉપદ્રવ અને તે નિવારવાં રાજ્ય સરકારે લીધેલાં તાકીદના પગલાં બાબત આરોગ્ય ખાતાના માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. આરોગ્ય મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૩. અધ્યક્ષશ્રીએ વિશેષાધિકાર સમિતિ પર સભ્યોની નિમણૂક કરી.

૪. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ, સભ્યોનાં ભથ્થાં અંગેના નિયમો માટેની સમિતિ, સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ તેમજ સદસ્ય નિવાસ સમિતિ પર સભ્યોની નિમણૂક તેઓશ્રી બીજે દિવસે કરશે.

૫. તા. ૨૭મી માર્ચ ૧૯૬૭ના રોજ વિ.સ.સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે અધ્યક્ષશ્રીની વિનંતીથી કાયદા મંત્રીશ્રીએ પોતાનું મંતવ્ય રજૂ કર્યું. આ બાબતનો નિર્ણય અધ્યક્ષશ્રીએ બીજા દિવસ ઉપર મોકૂફ રાખ્યો.

૬. જાહેર હિસાબ સમિતિના પ્રમુખ, શ્રી કાંતિલાલ ઘીયાએ ગુજરાત રાજ્યના સન ૧૯૬૧-૬૨ના વિનિયોગ હિસાબો તેમજ તે પરના ઓડિટ રિપોર્ટ પરનો જાહેર હિસાબ સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

૭. લેખાનુદાન માટેના પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા બીજા દિવસે ચાલુ રહી. ચર્ચામાં વધુ ૧૭ સભ્યોએ અને એક મંત્રીશ્રીએ ભાગ લીધો. પ્રસ્તાવ પરનો સુધારો નામંજૂર કરવામાં આવ્યો. ત્યારબાદ લેખાનુદાન માટેનો પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

૮. નાણાંમંત્રીશ્રીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે તા. ૨૦મી માર્ચ, ૧૯૬૭ના રોજ તેમણે રજૂ કરેલ સન ૧૯૬૭-૬૮ના અંદાજપત્ર પર આગામી બેઠકમાં વિચારણા કરવામાં આવે. પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

## બુધવાર, તા. ૨૯મી માર્ચ, ૧૯૬૭

૧. અધ્યક્ષશ્રીએ સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિની નિમણૂક કરી.

૨. અધ્યક્ષશ્રીએ સભ્યોના ભથ્થાં અંગેના નિયમો માટેની સમિતિની નિમણૂક કરી.

૩. અધ્યક્ષશ્રીએ સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિની નિમણૂક કરી.

૪. અધ્યક્ષશ્રીએ સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિની નિમણૂક કરી.

૫. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી વસંતલાલ મહેતાએ સમિતિનો પહેલો અહેવાલ સાદર કર્યો અને અહેવાલને મંજૂર રાખવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો.

૬. વિશેષાધિકાર સમિતિના પ્રમુખ, શ્રી માધવસિંહ સોલંકીએ સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

૭. અધ્યક્ષશ્રીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના ત્રણ પ્રતિનિધિઓની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૮. અધ્યક્ષશ્રીએ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના બે પ્રતિનિધિઓની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૯. અધ્યક્ષશ્રીએ સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના બે પ્રતિનિધિઓની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૧૦. અધ્યક્ષશ્રીએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૧૧. અધ્યક્ષશ્રીએ પશ્ચિમ રેલ્વેની ટાઈમ ટેબલ સમિતિ પર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૧૨. અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ ઉપરની ચર્ચાની મર્યાદા અંગે સ્પષ્ટતા કરી. ત્યારબાદ મુખ્ય મંત્રીશ્રીએ પૂરક માગણી પત્રકની વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી. હિસાબના મુખ્ય સદર" ૧૯-સામાન્ય વહીવટ"; ૨૩-પોલીસ" "૪૨-બહુલક્ષી નદી યોજનાઓ", "૪૩-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યક) " " ૪૪-સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં

કામ (બિન-વાણિજ્યક)"; "૯૮--બહુલક્ષી નદી યોજના પર કેપીટલ ખર્ચ"; "૯૯--સિંચાઈ, નૌપરિવહન બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (વાણિજ્યક)"; "૧૦૦--સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (બિન-વાણિજ્યક)" "૪૧--વીજળી યોજનાઓ ;" "૯--જમીન મહેસૂલ;" અને "૬૪--દુષ્કાળ રાહત;"અન્વયેની પૂરક માગણીઓ રજૂ થઈ. ચર્ચા બાદ માંગણીઓ મંજૂર કરવામાં આવી.

૧૩. નિયમ ૨૩૪(૪) અન્વયે સાંજે ૪-૦૦ વાગ્યે બાકીની બધી પૂરક માગણીઓ ગૃહ સમક્ષ એકપછી એક મત માટે મૂકવામાં આવી અને તે કોઈપણ જાતની ચર્ચા વગર મંજૂર કરવામાં આવી.

૧૪. તા. ૨૭મી માર્ચ, ૧૯૬૭ના રોજ વિ સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય અધ્યક્ષશ્રીએ આપ્યો.

## ગુરૂવાર, તા. ૩૦મી માર્ચ, ૧૯૬૭

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૩૧ તેમજ ૮૦ના જવાબ આપવામાં આવ્યાં.

૨. પારડી નજીક તા. ૨૫મી માર્ચ, ૧૯૬૭ના રોજ પાર નદી વટાવી લક્ષ્મણપુરા જતી હોડી હોનારતમાં અનેક સભ્યોએ ગુમાવેલા જાન તેમજ આવી હોનારત અટકાવવા માટે પૂરતાં પગલાં લેવામાં સરકારની નિષ્ફળતામાંથી ઉપસ્થિત થતી તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાને તેમનો સભા મોકૂફીનો પ્રસ્તાવ રજૂ કરવા ગૃહે સંમતિ આપી.

અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે આ પ્રસ્તાવની ચર્ચા કરવા માટે સાંજના ૪-૦૦ વાગ્યે સભા મોકૂફ રહેશે અને ત્યારે આ પ્રસ્તાવની ચર્ચા થશે.

૩. તા. ૨૯મી માર્ચ, ૧૯૬૭ના રોજ મળેલી કામકાજ સલાહકાર સમિતિની ભલામણો ગૃહે મંજૂર કરી.

૪. નાણાં મંત્રીશ્રીએ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સન ૧૯૬૫-૬૬ના વાર્ષિક અહેવાલ અને હિસાબ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૫. અધ્યક્ષશ્રીએ પશ્ચિમ રેલ્વેની પ્રાદેશિક રેલ્વેનો ઉપયોગ કરનારાઓની સલાહકાર સમિતિ પર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૬. અધ્યક્ષશ્રીએ પશ્ચિમ રેલ્વેનો ઉપયોગ કરનારાઓની પાંચ વિભાગીય સલાહકાર સમિતિઓ ઉપર ગુજરાત વિધાન સભાના પાંચ પ્રતિનિધિઓની ચૂંટણીના પરિણામની જાહેરાત કરી.

૭. નીચે જણાવેલાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં:—

(૧) સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩ સન ૧૯૬૭નું ગુજરાત વિનિયોગ (પેશગી ગ્રાન્ટ) વિધેયક.

(૨) સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક -૪ સન ૧૯૬૭નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક.

(૩) સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૬૭નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨ સન ૧૯૬૭નું મુંબઈ વૈદ્યકીય (સુધારા) વિધેયક.

સાંજે ૪-૦૦ વાગ્યે સભા મોકૂફીના પ્રસ્તાવ પર ચર્ચા થયા બાદ કાયદા મંત્રીશ્રી જવાબ આપતા હતા તે દરમિયાન સાંજના ૬-૦૦ વાગ્યા હોવાથી, અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ પરની ચર્ચા બંધ કરી.

## શુક્રવાર, તા. ૩૧મી માર્ચ, ૧૯૬૭

### સવારની બેઠક

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૬૩, ૬૮, ૭૧, ૮૩, ૧૦૮ અને ૨૦૩ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યનો ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૧૩૯ અતારાંકિત ગણવામાં આવ્યો.

૨. વિ.સ.સ., શ્રી પ્રતાપરાય શાહને "સમીસાંજ" નામના વર્તમાનપત્ર સામે વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવાની ગૃહની પરવાનગી આપવામાં આવી. અધ્યક્ષશ્રીએ તે પ્રશ્ન વિશેષાધિકાર સમિતિને સોંપ્યો.

૩. વિ. સ. સ., શ્રી જેસિંગભાઈ પરમારે, નિયમ ૧૧૬ અન્વયે, વડોદરાની સ્પિનિંગ અને વીવિંગ મિલ તેમજ પેટલાદની રાજરત્નમિલ બંધ થવાને લીધે બેકાર થયેલા કામદારો અને આ મિલો ચાલુ કરવા માટે રાજ્ય સરકારે લીધેલાં પગલાં બાબત મજૂર ખાતાના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. મજૂર ખાતાના મંત્રીશ્રીએ તેમનું નિવેદન વાંચી સંભળાવ્યું.

૪. વિ. સ. સ., શ્રી મનુભાઈ પાલખીવાળાની રાજ્યમાં સ્ટ્રેપ્ટોમાઈસીન અને સ્ટ્રેપ્ટોપેનીસીલીનના ઇન્જેક્શનોની ઊભી થયેલી તંગીને કારણ ક્ષય, મરડા વગેરેના દરદીઓ માટે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિ અને તે અંગે સરકારે લીધેલાં પગલાં બાબત ધ્યાન દોરતી સૂચના બાબત નાયબ આરોગ્ય મંત્રીશ્રીએ તેમનું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

૫. અધ્યક્ષશ્રીએ ગૌણ વિધાન સમિતિની નિમણુક કરી.

૬. નાણાં મંત્રીશ્રીએ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોરપોરેશનના સન ૧૯૬૫-૬૬ના હિસાબોને અને તે પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

૭. નાણા મંત્રીશ્રીએ ગુજરાત ઔદ્યોગિક કોરપોરેશનનું સન ૧૯૬૭-૬૮નું અંદાજપત્ર વિધાનસભાના મેજ ઉપર મૂક્યું.

૮. વિ.સ. સ., શ્રી નરેન્દ્રસિંહજી ઝાલાએ નિયમ ૧૦૫ અન્વયે પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાતમાં અત્યારે પ્રવર્તતી ખાદ્ય પદાર્થો, તેલ વિગેરેની મુશ્કેલી તેમજ દુષ્કાળની પરિસ્થિતિ અને તાજેતરમાં કમોસમી વરસાદથી ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ વિચારણામાં લેવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઇ અને ચર્ચા પૂરી થઇ.

૯. વિ. સ. સ., શ્રી મનુભાઇ પાલખીવાળાએ, નિયમ ૧૦૪ અન્વયે છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો કે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને મુંબઇ પ્રાંતિક મહાનગરપાલિકા અધિનિયમ અન્વયે કાઉન્સિલરોને માનદ્‌વેતન આપવા મંજૂર કરેલી દરખાસ્તોનો રાજ્ય સરકારે અસ્વીકાર કર્યો હોવાથી ઉપસ્થિત થતી પરિસ્થિતિની વિચારણા કરવામાં આવે. પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઇ, આ પ્રસ્તાવને આપેલ સમય પૂરો થયો હોવાથી ચર્ચા બંધ કરવામાં આવી.

## બપોરની બેઠક

૧. નીચે જણાવેલાં બિન-સરકારી વિધેયકો, દાખલ કરવાની રજા પ્રભારી સભ્યોને આપવામાં આવી અને વિધેયકો દાખલ કરવામાં આવ્યાં:—

(૧) સન ૧૯૬૭નું ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનું (સુધારા) વિધેયક (પ્રભારી સભ્યશ્રી, મનુભાઇ પાલખીવાળા)

(૨) સન ૧૯૬૭નું ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાં બાબતનું વિધેયક (પ્રભારી સભ્યશ્રી મનુભાઇ પાલખીવાળા)

(૩) સન ૧૯૬૭નું મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનું (સુધારા) વિધેયક (પ્રભારી સભ્યશ્રી મનુભાઇ પાલખીવાળા)

૨. વિ. સ. સ., શ્રી મનુભાઇ પંચોળીની ગેરહાજરીને કારણે સંકલ્પ ક્રમાંક ૩૬ લઇ શકાયો નહીં.

૩. વિ. સ. સ., શ્રી ઉત્તમભાઇ પટેલે સંકલ્પ રજૂ કર્યો કે આજની વિષમ પરિસ્થિતિમાં અનાજ, તેલ, મસાલા વગેરે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવો આસમાને ચઢેલ છે અને રોજ બરોજ વધતા જાય છે. આથી ટૂંકી આવકના તથા ગરીબ માણસોનો જીવનનિર્વાહ મુશ્કેલ બનેલ છે. તેથી જીવન જરૂરિયાતની ચીજોના ભાવોમાં ઘટાડો કરવા મધ્યસ્થ સરકાર સાથે મંત્રણા કરીને

યોગ્ય પગલાં લેવા આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. સંકલ્પ પર ચર્ચા થઈ સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી માગતો સભ્યશ્રીનો પ્રસ્તાવ નામંજૂર થયો. ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. વિ. સ. સ., શ્રી કેશવભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે હળપતિઓ તેમજ ખેતમજૂરો આર્થિક, સમાજિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પછાત હોવાથી તેમનો આ તમામ ક્ષેત્રોમાં વિકાસ થાય તેની વિચારણા કરી યોગ્ય પગલાં સૂચવવા વિધાનસભાના સભ્યોની બનેલી એક ઉચ્ચક ની સમિતિ નીમવા માટે આ વિધાનસભાગૃહ રાજ્ય સરકારને ભલામણ કરે છે. ચર્ચા બાદ ગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

૫. વિ. સ. સ., શ્રી સનતકુમાર મહેતાએ સંકલ્પ રજૂ કર્યો કે સંસદીય લોકશાહીની સફળતા માટે લોકશાહી પધ્ધતિમાં પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ પેદા થાય તે આવશ્યક છે. આ વિશ્વાસ સંપાદન કરવા માટે કાર્યદક્ષ અને સ્વચ્છ વહીવટી તંત્રની જરૂર રહે છે. આ માટે વહીવટી તંત્રમાંથી શિથિલતા, તુમારશાહી,લાગવગશાહી અને રૂશવતખોરી નાબૂદ કરવા ઉપરાંત રાજકારણમાં ભાગ લેતા વિવિધ રાજકીય પક્ષોમાં સક્રિય કામ કરતી વ્યકિતઓને પ્રમાણિકતા અને નિષ્ઠામાં પ્રજાકીય વિશ્વાસ બેસે એ પણ એટલું જ મહત્વનું છે. આ હેતુઓ બર લાવવા માટે મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો અને રાજ્યે ઘડેલા કાયદાઓ હેઠળ સ્થાપિત થયેલ વૈધાનિક મંડળોના હોદ્દેદારોની અને તેમના કુટુંબના અંગત સભ્યોની સન ૧૯૪૭ પહેલાંની આર્થિક સ્થિતિ અંગેની અને સન ૧૯૪૭થી અત્યાર સુધીમાં એટલે કે સન ૧૯૬૭ સુધીમાં તેમણે મેળવેલી સ્થાવર તેમજ જંગમ મિલકતની માહિતી રાજ્ય સરકાર જરૂર હોય તો કાયદો કરીને પણ મેળવે, તે વ્યાજબી અને લોકહિતમાં છે તેમ આ વિધાનસભાગૃહ માને છે. ચર્ચા બાદ સંકલ્પ પર મતદાન કરવામાં આવ્યુ તરફેણમાં ૫૩ અને વિરુધ્ધમાં ૭૨ મતો મળતાં સંકલ્પ નામંજૂર કરવામાં આવ્યો.

૬. વિ. સ. સ., શ્રી છબીલદાસ મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે અનાજની ઝોન-બંધીને કારણે રાજ્યમાં અનાજ અને ખાદ્ય પદાર્થોની અછત પ્રવર્તે છે જેને કારણે રાજ્યની પ્રજાને ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડે છે. આવી જાતની પધ્ધતિથી કૃત્રીમ તંગી પેદા થાય છે અને અછતવાળા પ્રદેશોની પ્રજાને ઘણું સહન કરવું પડે છે. તેથી અનાજની ઝોન-બંધી નાબૂદ કરવા માટે આ વિધાનસભાગૃહ કેન્દ્ર સરકારને ભલામણ કરવા માટે રાજ્ય સરકારને વિનંતી કરે છે. ચર્ચા બાદ સંકલ્પ મંજૂર કરવામાં આવ્યો.

૭. વિ. સ. સ., શ્રી પ્રવિણચંદ્રસિંહજીની ગેરહાજરીને કારણે તેમનો સંકલ્પ રજૂ થઈ શક્યો નહી.

૮. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે હવે પછીનું સત્ર જુલાઇની અધવચમાં બોલાવવા રાજ્યપાલ-શ્રીને ભલામણ કરવાનું સરકાર વિચારી રહી છે અને ચોક્કસ તારીખ હવે પછી જણાવવામાં આવશે.

૯. અધ્યક્ષશ્રીએ સત્ર સમાપ્તિને લગતો રાજ્યપાલશ્રીનો સંદેશો વાંચી સંભળાવ્યો.

## પત્રક ક્રમાંક ૩

### જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી

| અનુ-ક્રમાંક | સમિતિનું નામ | સભ્યોનાં નામ | ચૂંટણીના પરિણામની જાહેરાત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | જાહેર હિસાબ સમિતિ | (૧) શ્રી કાંતિલાલ ફૂલચંદભાઈ ઘીયા, પ્રમુખ,<br>(૨) શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા,<br>(૩) શ્રી ગુમાનસિંહજી વિરમસિંહજી વાઘેલા,<br>(૪) એચ. એચ. ઠાકોર સાહેબ શ્રી ચંદ્રસિંહજી દીપસિંહજી જાડેજા,<br>(૫) શ્રી જેસીંગભાઈ ગોવિંદભાઈ પરમાર,<br>(૬) શ્રી નરેન્દ્રસિંહ અગરસિંહજી ઝાલા,<br>(૭) શ્રી પ્રભુલાલ કાનજી દવે,<br>(૮) યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા,<br>(૯) ડો. મહિપતરાય મૂળશંકર મહેતા,<br>(૧૦) શ્રી વાડીલાલ લલ્લુભાઈ મહેતા, અને<br>(૧૧) શ્રીમતી શાંતાબહેન ભોળાભાઈ પટેલ. | ૨૭મી માર્ચ, ૧૯૬૭. |
| ૨. | અંદાજ સમિતિ | (૧) શ્રી ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ, પ્રમુખ<br>(૨) શ્રી ઉત્તમભાઈ હરજીભાઈ પટેલ,<br>(૩) શ્રી છબીલદાસ પ્રાગજીભાઈ મહેતા,<br>(૪) શ્રી જસવંત લાલ સૌભાગ્યચંદ શાહ,<br>(૫) શ્રી ત્રિકમલાલ જમનાદાસ પટેલ,<br>(૬) શ્રી ધર્મસિંહભાઈ ડાહ્યાભાઈ પટેલ,<br>(૭) શ્રી નટવરસિંહજી કેસરીસિંહજી સોલંકી,<br>(૮) શ્રી પોપટલાલ ડાહ્યાભાઈ કક્કડ,<br>(૯) શ્રી ભાઈલાલભાઈ દાભાઈ પટેલ,<br>(૧૦) શ્રી વીરજી ભીમજી દાફડા, અને<br>(૧૧) શ્રી સનતકુમાર મગનલાલ મહેતા | ૨૭મી માર્ચ, ૧૯૬૭. |

## પત્રક ક્રમાંક ૪

### જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો

| અનુ-ક્રમાંક | સમિતિનું નામ | સભ્યોનાં નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | અરજી સમિતિ | (૧) શ્રી વસંતલાલ વલભદાસ મહેતા, પ્રમુખ,<br>(૨) શ્રી રામજીભાઇ રૂપાભાઇ ચૌધરી,<br>(૩) ડૉ. મહિપતરાય મૂળશંકર મહેતા,<br>(૪) શ્રીમતી સુમિત્રાબહેન હરિપ્રસાદ ભટ્ટ,<br>(૫) યુવરાજશ્રી પ્રવીણચંદ્રસિંહજી ગંભીરસિંહજી,<br>(૬) શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર,<br>(૭) શ્રી નાગજીભાઇ ગોવિંદભાઇ આર્ય, અને<br>(૮) ડૉ. સોમાભાઇ સી. દેસાઇ. | ૨૪મી માર્ચ, ૧૯૬૭. |
| ૨. | વિશેષાધિકાર સમિતિ | (૧) શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી, પ્રમુખ,<br>(૨) શ્રી કરસનભાઇ હરિભાઇ ચૌધરી,<br>(૩) શ્રી પોપટલાલ ડાહ્યાભાઇ કક્કડ,<br>(૪) યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્રધુમનસિંહજી જાડેજા,<br>(૫) શ્રી વીનુભાઇ ભગવાનદાસ કોટડાવાળા,<br>(૬) શ્રી ડાહ્યાભાઇ બાવલભાઇ જાદવ, અને<br>(૭) શ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસ. | ૨૮મી માર્ચ, ૧૯૬૭. |
| ૩. | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | (૧) શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ, પ્રમુખ,<br>(૨) શ્રી પર્વતસિંહ ધમીરસિંહ પરમાર,<br>(૩) શ્રી ભાણજીભાઇ ભીમજીભાઇ પટેલ,<br>(૪) શ્રી રમણભાઇ ધનાભાઇ પટેલ,<br>(૫) શ્રીમતી હીરાબહેન લાલચંદ નીનામા,<br>(૬) શ્રી અમરસિંહ ભુપતસિંહ વાઘેલા,<br>(૭) શ્રી કમળાશંકર ભુલેશ્વર દવે,<br>(૮) શ્રી જમુભાઇ પુંજીરામ ભટ્ટ,<br>(૯) શ્રી નાગજીભાઇ ગોવિંદભાઇ આર્ય, અને<br>(૧૦) શ્રી મનુભાઇ હરિલાલ પાલખીવાળા. | ૨૯મી માર્ચ, ૧૯૬૭. |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| | ૪. કામકાજ સલાહકાર સમિતિ | (૧) શ્રી રાઘવજીભાઈ લેઉવા,અધ્યક્ષશ્રી, પ્રમુખ,<br>(૨) શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, સભાગૃહના નેતાશ્રી,<br>(૩) શ્રી ભાઈલાલભાઈ ડી. પટેલ,<br>(૪) શ્રી પ્રેમજીભાઈ ઠક્કર,<br>(૫) શ્રી ચીમનભાઈ પટેલ,<br>(૬) શ્રી વાડીલાલ એલ. મહેતા,<br>(૭) શ્રી પ્રતાપરાય શાહ,<br>(૮) શ્રી ઉદેસિંહ વી. વડોદિયા,<br>(૯) શ્રી ગંગારામ ચુ. રાવલ,<br>(૧૦) શ્રી નરેન્દ્રસિંહ એ. ઝાલા, અને<br>(૧૧) શ્રી સનત મહેતા. | ૨૦મી માર્ચ ૧૯૬૭. |
| | ૫. બિનસરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ | (૧) શ્રી વસંતલાલ વલભદાસ મહેતા ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખ,<br>(૨) શ્રી મનહરલાલ શુક્લ,<br>(૩) શ્રીમતી સુમિત્રાબેન ભટ્ટ,<br>(૪) શ્રી ઝુમખલાલ મહેતા,<br>(૫) શ્રી ચુનીભાઈ ગણેશભાઈ પટેલ,<br>(૬) શ્રી નારણભાઈ શીવજીભાઈ પટેલ,<br>(૭) શ્રી દલસુખભાઈ પટેલ, અને<br>(૮) ડો. સોમાભાઈ સી. દેસાઈ. | ૨૭મી માર્ચ, ૧૯૬૭. |
| | ૬. ગૌણ વિધાન સમિતિ | (૧) શ્રી વસંતલાલ વલભદાસ મહેતા ઉપાધ્યક્ષશ્રી, પ્રમુખ,<br>(૨) શ્રી પ્રેમજીભાઈ ઠક્કર, કાયદા મંત્રીશ્રી, પદનિમિત્ત સભ્ય,<br>(૩) શ્રી કેશુભાઈ ગોકળદાસ રાયચુરા,<br>(૪) શ્રી કાનજીભાઈ કચરાભાઈ મ્હોરી,<br>(૫) શ્રી મનહરલાલ તુળજાશંકર શુક્લ,<br>(૬) શ્રી ઈન્દુભાઈ ચતુરભાઈ પટેલ,<br>(૭) શ્રી પ્રતાપરાય તારાચંદ શાહ,<br>(૮) શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ બારાઈ,<br>(૯) શ્રી બાલાશંકર જેશંકર જોશી, અને<br>(૧૦) શ્રી મનુભાઈ હરિલાલ પાલખીવાળા. | ૩૧મી માર્ચ, ૧૯૬૭. |

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૭. | સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ. | (૧) શ્રી વસંતલાલ વલભદાસ મહેતા, ઉપાધ્યક્ષ, પ્રમુખ,<br>(૨) શ્રીમતી નિર્મળાબેન હાસાનંદ ગજવાણી,<br>(૩) શ્રી મંગળદાસ ગોરધનદાસ પોલા,<br>(૪) શ્રી કેશવજી ગોકળદાસ રાયચુરા,<br>(૫) શ્રી છોટુભાઈ નાથુભાઈ રાઠોડ,<br>(૬) શ્રી અંબાશંકર જદુરામ ત્રિવેદી,<br>(૭) શ્રી દેવજીભાઈ સદાભાઈ પરમાર, અને<br>(૮) શ્રી રણજીતસિંહજી ભાવસિંહજી ગોહિલ. | ૨૯મી માર્ચ, ૧૯૬૭. |
| ૮. | સભ્યોના ભથ્થાં બાબતના નિયમો માટેની સમિતિ. | (૧) શ્રી વસંતલાલ વલભદાસ મહેતા, ઉપાધ્યક્ષ, પ્રમુખ,<br>(૨) શ્રી નવલચંદ મોતીલાલ કંસારા,<br>(૩) શ્રી પુરૂષોત્તમ ઉકેડભાઈ ભીલ,<br>(૪) શ્રી દલસુખભાઈ જેરામભાઈ પટેલ,<br>(૫) શ્રી ફુલજીભાઈ ડોહજીભાઈ પટેલ,<br>(૬) શ્રીમતી ગંગાબેન અમૃતલાલ વાઘેલા,<br>(૭) શ્રી વિજયસિંહજી ભરતસિંહજી ચૌહાણ,<br>(૮) શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ,<br>(૯) શ્રી ભીમસીંગભાઈ ફોજસીંગ વસાવે, અને<br>(૧૦) શ્રી બેચર ભગવાનજી ગજેરા. | ૨૯મી માર્ચ, ૧૯૬૭. |
| ૯. | સદસ્યનિવાસ વ્યવસ્થા સમિતિ. | (૧) શ્રી માધવલાલ લલ્લુભાઈ પાધ્યા, પ્રમુખ,<br>(૨) શ્રી અર્જુનસિંહ ભારતસિંહ ઠાકોર,<br>(૩) શ્રી જવસિંહ માનસિંહ સોલંકી,<br>(૪) શ્રીમતી નિર્મળાબેન હાસાનંદ ગજવાણી,<br>(૫) શ્રી મોહનલાલ ગોકળભાઈ પટેલ,<br>*(૬) શ્રી શંભુભાઈ દેવજી પટેલ,<br>(૭) શ્રી ઉદેસિંહ વીરસિંહ વડોદિયા,<br>(૮) શ્રી ખોડુભા અભેસિંગ વાઘેલા,<br>(૯) શ્રી ચુનીલાલ બીજલભાઈ વસાવા,<br>(૧૦) શ્રી ભોગીલાલ કાનજીભાઈ પટેલ, અને<br>(૧૧) શ્રી માણેકભાઈ સોમાભાઈ તડવી. | ૨૯મી માર્ચ, ૧૯૬૭ |

*આ સભ્યશ્રીનું સમિતિના સભ્યપદેથી રાજીનામું અધ્યક્ષશ્રીએ તા. ૧૫-૪-૬૭થી સ્વીકાર્યું છે.

| ૧ | ૨ | ૩ | ૪ |
| --- | --- | --- | --- |
| ૧૦ | ગ્રંથાલય સમિતિ | (૧) શ્રી રાઘવજી થોભણભાઈ લેઉવા,<br>અધ્યક્ષશ્રી, પ્રમુખ,<br>(૨) શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી,<br>(૩) શ્રી ગોસાંઈભાઈ છીબાભાઈ પટેલ,<br>(૪) શ્રી દેવજીભાઈ સદાભાઈ પરમાર,<br>(૫) યુવરાજશ્રી દિગ્વિજયસિંહજી પ્રતાપસિંહજી,<br>(૬) યુવરાજશ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા. | ૨૫ મી<br>એપ્રિલ,<br>૧૯૬૭, |

## પત્રક ક્રમાંક ૫

### અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ

| અનુક્રમાંક | સભ્યોનાં નામ | નિમણૂકની તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | શ્રી ચન્દ્રશંકર ભટ્ટ, | ૨૧મી માર્ચ, ૧૯૬૭. |
| ૨. | શ્રી માધવસિંહ સોલંકી, | " |
| ૩. | શ્રી પોપટલાલ કક્કડ | " |
| ૪. | શ્રી કાંતિપ્રસાદ યાજ્ઞિક, અને | " |
| ૫. | શ્રી અભેસિંહ કેદરભાઈ પરમાર. | " |

## પત્રક ક્રમાંક ૬

### જુદી જુદી સંસ્થાઓ ઉપર ચૂંટણીઓ

| અનુ-ક્રમાંક | સંસ્થાનું નામ | સભ્યોનાં નામ | ચૂંટણીના પરિણામની જાહેરાત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | પશ્ચિમ રેલવેની ટાઈમ ટેબલ સમિતિ | શ્રીમતી વસંતબહેન જયસુખલાલ શાહ | ૨૯મી માર્ચ, ૧૯૬૭ |
| ૨. | પશ્ચિમ રેલવેનો ઉપયોગ કરનારાઓની પ્રાદેશિક સલાહકાર સમિતિ. | શ્રી ગંગારામ ચુનીલાલ રાવળ | ૩૦મી માર્ચ, ૧૯૬૭ |
| ૩. | પશ્ચિમ રેલવેના મુંબઈ વિભાગ, રાજકોટ વિભાગ, અજમેર વિભાગ, વડોદરા વિભાગ અને ભાવનગર વિભાગની વિભાગીય સમિતિઓ. | મુંબઈ વિભાગ:- શ્રી સુલેમાન યુસુફ ઉનીયા<br>રાજકોટ વિભાગ:- શ્રી ચુનીલાલ પોપટલાલ ચુડગર<br>અજમેર વિભાગ:- શ્રી જયંતીલાલ વીરચંદ શાહ<br>વડોદરા વિભાગ:- શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ<br>ભાવનગર વિભાગ:- શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ. | ૩૦મી માર્ચ, ૧૯૬૭ |
| ૪. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેનેટ | ૧. શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ,<br>૨. શ્રી પ્રભુલાલ કાનજી દવે અને<br>૩. શ્રી મનુભાઈ રાજારામ પંચોળી. | ૨૯મી માર્ચ, ૧૯૬૭ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૫. | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટ. | ૧. શ્રી ચન્દ્રકાંત મૂળજીભાઈ પરીખ, અને<br>૨. શ્રી પોપટલાલ મૂળશંકર વ્યાસ | ૨૯મી માર્ચ, ૧૯૬૭ |
| ૬. | સરદાર પટેલ યુનિવર્સિટી સેનેટ | ૧. શ્રી મધુભાઈ દાદુભાઈ દેસાઈ, અને<br>૨. શ્રી માધવસિંહ ફૂલસિંહ સોલંકી. | ૨૯મી માર્ચ, ૧૯૬૭. |
| ૭. | મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી સેનેટ. | શ્રી જશવંતલાલ સૌભાગ્યચંદ શાહ. | ૨૯મી માર્ચ, ૧૯૬૭. |

પત્રક

સરકારી

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી મંત્રીશ્રીનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૬૭નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક | નાણા વિભાગ | શ્રી જશવંત મહેતા |
| ૨. | સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૨ સન ૧૯૬૭નું મુંબઈ વૈદ્યકીય (ગુજરાત સુધારા) વિધેયક | પંચાયત અને આરોગ્ય વિભાગ | શ્રી એફ. પી. ગાયકવાડ |
| ૩. | સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૩ સન ૧૯૬૭નું ગુજરાત વિનિયોગ (પેશગી ગ્રાન્ટ) વિધેયક | નાણા વિભાગ | શ્રી જશવંત મહેતા |
| ૪. | સન ૧૯૬૭નું વિ. સ. વિધેયક ક્રમાંક-૪ સન ૧૯૬૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક. | નાણા વિભાગ | શ્રી જશવંત મહેતા |

ક્રમાંક ૭

વિધેયકો

| દાખલ કર્યા તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યા | જે પસાર કરવામાં આવ્યા | |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ... | ... | ... | ... |
| ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ... | ... | ... | ... |
| ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ૩૦-૩-૬૭ | ... | ... | ... | ... |
| ૩ -૩-૬૭ | ૩ -૩-૬૭ | ૩ -૩-૬૭ | ૩૦-૩-૬૭ | ... | ... | ... | ... |

Hb—72—(5)—325—5-67

# પત્રક ક્રમાંક ૮

## રજૂઆત માટેના બિન સરકારી વિધેયકો

| અનુ-ક્રમાંક | વિધેયકનું નામ | સરકારી વિભાગનું નામ | પ્રભારી સભ્યનું નામ | રજૂ કર્યા તારીખ | વિધેયકનો ક્રમાંક અને પ્રકાશનની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | સન ૧૯૬૭નું ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનું (સુધારા) વિધેયક | કાયદા વિભાગ | શ્રી મનુભાઈ હ. પાલખીવાલા | ૩૧-૩-૬૭ | સન ૧૯૬૭ નું વિધેયક ક્રમાંક—૫ તા. ૨૭-૪-૧૯૬ ) | |
| ૨. | સન ૧૯૬૭નું ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાના પગાર અને ભથ્થાં બાબતનું વિધેયક | કાયદા વિભાગ | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ૩૧-૩-૬૭ | સન ૧૯૬૭ નું વિધેયક ક્રમાંક— ૬ તા. ૨૭-૪-૧૯૬૭ | |
| ૩. | સન ૧૯૬૭નું ગુજરાતના મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનું (સુધારા) વિધેયક | સામાન્ય વહીવટ વિભાગ | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ૩૧-૩-૬૭ | સન ૧૯૬૭ નું વિધેયક ક્રમાંક—૭ તા. ૨૭-૪-૧૯૬૭ | |
| ૪. | સન ૧૯૬૭નું ગાય તથા ગોવંશના વધ ઉપર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ કરવા બાબતનું વિધેયક | ખેતીવાડી અને સહકાર વિભાગ | મહારાજા શ્રી દલજીતસિંહજી હિંમતસિંહજી અને બીજા ૧૪ સભ્યો | | | વિધેયકને રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મળી ન હોવાથી વિધેયક રજૂ થઈ શક્યું નહિ. |

## પત્રક ક્રમાંક ૯

### સન ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની પૂરક માગણીઓ

| રજૂ થયેલ પૂરક માગણીઓની સંખ્યા | જે પૂરક માગણી પર ચર્ચા કરવામાં આવી તેનો માગણી ક્રમાંક અને હિસાબનું સદર | ચર્ચા વગર પસાર (ગિલોટીન) થયેલી પૂરક માગણીઓની સંખ્યા | શેરો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૫૭ | કુલ ૭ માગણીઓ | ૫૦ | ... |
| | ૨ ૧૯, સામાન્ય વહીવટ (સામાન્ય વહીવટ વિભાગ) | | |
| | ૪૩ ૨૩, પોલીસ (ગૃહ વિભાગ) | | |
| | ૧૭ ૪૨, બહુલક્ષી નદી યોજનાઓ | | |
| | ૪૩, સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (વાણિજ્યિક) | | |
| | ૪૪, સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ (બિન વાણિજ્યિક) (જાહેર બાંધકામ વિભાગ) | | |
| | ૬૪ ૯૮, બહુલક્ષી નદી યોજના પર કેપિટલ ખર્ચ | | |
| | ૯૯, સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (વાણિજ્યિક) | | |
| | ૧૦૦, સિંચાઈ, નૌપરિવહન, બંધ અને પાણી નિકાલનાં કામ પર કેપિટલ ખર્ચ (બિન વાણિજ્યિક) (જાહેર બાંધકામ વિભાગ) | | |
| | ૯૯ ૪૫, વીજળી યોજનાઓ (જાહેર બાંધકામ વિભાગ) | | |
| | ૨૧ ૯, જમીન મહેસૂલ (મહેસૂલ વિભાગ) | | |
| | ૨૬ ૬૪, દુષ્કાળ રાહત (મહેસૂલ વિભાગ) | | |

## પત્રક ક્રમાંક ૧૦

### ટૂંકી સૂચનાવાળા પ્રશ્નોનો નિકાલ

| મળેલી સૂચનાઓ | દાખલ ન કરેલી | પાછા ખેંચી લીધેલા | તારાંકિત તરીકે દાખલ કરેલા | એકત્રિત કરેલાં | અતારાંકિત તરીકે દાખલ કરેલા | ખુલાસા માટે સભ્યોને કે સરકારને પુછાવ્યું | ટૂંકી મુદતના પ્રશ્નો તરીકે દાખલ કરેલા પ્રશ્નો | જેનો જવાબ આપવામાં આવ્યા હોય તેવા પ્રશ્નો | કોલમ ૮ અને ૯ની ટકાવારી | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૬૪ | ૨૬ | ... | ૧૦ | ૭ | ... | ૨ | ૧૯ (૧૩+૬*) | ૧૩ | ૬૮ : ૪ | |

*આ પ્રશ્નોનાં જવાબો સત્ર દરમિયાન આપી શકાયા ન હોવાને લીધે તેને તારાંકિત તરીકે ગણવામાં આવ્યા છે.

## પત્રક ક્રમાંક ૧૬

### બિન સરકારી સંકલ્પો

| | | |
|---|---|---|
| ૧. | ફાળવેલાં દિવસોની સંખ્યા | ૬ |
| ૨. | સંકલ્પોની સૂચનાઓની સંખ્યા | ૧૧૨ |
| ૩. | દાખલ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૧૮ |
| ૪. | દાખલ કરવામા આવેલા સંકલ્પોની સંખ્યા | ૯૪ |
| ૫. | બેલટમાં લીધેલા સંકલ્પોની સંખ્યા | ૯૪ |
| ૬. | ગૃહમાં રજૂ ન થયેલા સંકલ્પોની સંખ્યા | ૨ |
| ૭. | ગૃહમાં રજૂ કરવામાં આવેલા, પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા બે સંકલ્પો આવાજ હતા.) | ૧ |
| ૮. | ગૃહમાં રજૂ કરવામાં આવેલા, પરંતુ મત માટે મૂકાતાં સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૧ |
| ૯. | ગૃહમાં રજૂ કરવામાં આવેલા અને સભાગૃહે સ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજા ૮ સંકલ્પો આવાજ હતા.) | ૨ |
| ૧૦. | સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા | ૭૮ |

## પત્રક ક્રમાંક ૧૨

### સભા મોકુફીના પ્રસ્તાવો

| મળેલ સૂચનાઓની સંખ્યા | અધ્યક્ષશ્રીએ સંમતિ આપેલી સૂચનાઓની સંખ્યા | સંમતિ આપેલ સૂચનાનો વિષય ટૂંકમાં | સૂચના આપનાર સભ્યનું નામ | ગૃહની અનુમતિ માગ્યાની તારીખ | જો અનુમતી આપી હોય તો ચર્ચા કર્યાની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫ | *૧ | પારડી નજીક પાર નદીમાં થયેલ હોડી હોનારતને પરિણામે થયેલ માણસોની જાનહાનિ. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા, યુવરાજ શ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા અને શ્રી ચીમનલાલ હ. શુકલ | ૩૦મી માર્ચ, ૧૯૬૭ | ૩૦મી માર્ચ, ૧૯૬૭ | સમય પૂરો થઈ જતાં ચર્ચા બંધ કરવામાં આવી હતી. |

*બે અલગ અલગ સૂચનાઓ એક જ વિષયને લગતી હોવાથી, સભ્યોનાં નામ સાથે જોડીને એક સૂચના તરીકે દાખલ કરવામાં આવી હતી.

## પત્રક ક્રમાંક ૧૩

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ (ધ્યાન દોરવા બાબત) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી પાછી ખેંચી લીધેલી, વગેરે | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ. | બાબત પર ધ્યાન દોર્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૩૧ | ૨૪ | ૭ | ૧. કચ્છમાં મીઠાના ઉદ્યોગમાં માલના ભરાવાને કારણે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા | ૨૭-૩-૬૭ |
| | | | *૨. સુરત અને વલસાડ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફેલાયેલ શીતળાના રોગચાળા બાબત. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા; શ્રી ઉત્તમભાઈ હ. પટેલ | ૨૮-૩-૬૭ |
| | | | ૩. વડોદરા તેમજ પેટલાદની કેટલીક મીલો બંધ પડવા બાબત. | શ્રી જેસીંગભાઈ પરમાર | ૩૧-૩-૬૭ |
| | | | **૪. સ્ટ્રેપ્ટોમાઈસીન અને સ્ટ્રેપ્ટો પેનીસીલીન ઈંજેકશનની તંગી બાબત. | શ્રી મનુભાઈ હ. પાલખીવાળા; યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા અને શ્રી ચીમનલાલ હ. શુક્લ; શ્રી સોમાભાઈ સી. દેસાઈ. | ૩૧-૩-૬૭ આ અંગેનું નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યું હતું. |

*બે સભ્યોએ અલગ અલગ આપેલી સૂચનાઓને બંને સભ્યોનાં નામો જોડીને એકત્રિત કરીને દાખલ કરવામાં આવી હતી.
**ત્રણ અલગ અલગ સૂચનાઓને સભ્યોનાં નામો સાથે જોડીને એકત્રિત કરીને દાખલ કરવામાં આવી હતી.

## પત્રક ક્રમાંક ૧૪

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૫ (બીજા પ્રસ્તાવો) હેઠળની સૂચનાઓ

| મળેલી સૂચનાઓની સંખ્યા | નામંજૂર કરેલી, પાછી ખેંચી લીધેલી, વિગેરે, | દાખલ કરેલી | દાખલ કરેલી સૂચનાનો વિષય (ટૂંકમાં) | સૂચના આપનાર સભ્યનું નામ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૧ સન ૧૯૬૭-૬૮ના અંદાજપત્રની વિચારણા આગામી સત્રમાં કરવા બાબત | શ્રી જશવંત મહેતા, નાણા મંત્રીશ્રી. | ૨૮-૩-૬૭ |
| | | | *૨ રાજ્યમાં ખાદ્ય પદાર્થો તેમજ અછતની પરિસ્થિતિ વિગેરે બાબત. | શ્રી નરેન્દ્રસિંહ એ. ઝાલા; શ્રી ભાઈલાલભાઈ દ્યા. પટેલ, યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજા, શ્રી વાડીલાલ મહેતા, શ્રી ચન્દ્રસિંહજી જાડેજા, શ્રી લીલાધર પટેલ, શ્રી સનત મહેતા, અને શ્રી મનુભાઈ હ. પાલખીવાળા. | ૩૧-૩-૬૭ |

*સભ્યોએ આપેલ અલગ અલગ ૪ સૂચનાઓ સભ્યોનાં નામો જોડીને એકત્રિત કરીને દાખલ કરવામાં આવી હતી.

# પત્રક ક્રમાંક ૧૫

## વિભાજન

| ક્રમાંક | તારીખ | જે પ્રસ્તાવ પર વિભાજન માગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવનો વિષય | જે પ્રસ્તાવ પર વિભાજન માંગવામાં આવ્યું હોય તે પ્રસ્તાવ રજૂ કરનાર સભ્યનું નામ | વિભાજનની માગણી કરનાર સભ્યનું નામ | પ્રસ્તાવની તરફેણમાં મતની સંખ્યા | પ્રસ્તાવની વિરૂધ્ધમાં મતની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૨૮-૩-૧૯૬૭ | સમગ્ર લેખાનુદાનમાંથી રૂા. ૮૬,૬૫,૬૦,૦૦૦ ઘટાડવા માટેનો સુધારો. | યુવરાજશ્રી મનોહરસિંહજી જાડેજા | યુવરાજશ્રી મનોહરસિંહજી જાડેજા | ૫૬ | ૮૭ | સુધારો નામંજૂર કરવામાં આવ્યો |
| ૨ | ૩૧-૩-૧૯૬૭ | મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો વિગેરેની અને તેમના કુટુંબના અંગત સભ્યોની સ્થાવર તેમજ જંગમ મિલ્કતની માહિતી રાજ્ય સરકારે મેળવવા બાબતનો સંકલ્પ. | શ્રી સનતકુમાર મહેતા | શ્રી મનુભાઈ પાલખીવાળા | ૫૩ | ૭૨ | સંકલ્પ નામંજૂર કરવામાં આવ્યો. |

Hb—72—(6)—325—5-67

સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ.